PDF-XChange Editor
Click to BUY NOW!
tracker-software.com
PDF-XChange Editor
Click to BUY NOW!
tracker-software.com

ફોન :-

| | | |
|---|---|---|
| પાટણ | : | ૨૩૦૦૬૮/૨૨૦૪૨૮ |
| | : | ૨૩૦૮૦૮/૨૨૧૩૪૭ |
| હારીજ | : | ૨૨૨૪૦૪ |
| ઉંઝા | : | ૨૫૩૪૧૯ |
| અમદાવાદ | : | ૪૦૨૩૨૧૯૨ |

ESTD DPT 1956

# ડી. પી. ઠક્કર એન્ડ કું.
# ડી. પી. ઠક્કર એન્ડ બ્રધર્સ

**ટેક્ષ કન્સલટન્ટસ**

'શ્રી કુંજ', સ્ટેશન રોડ, પાટણ.

બ્રાન્ચ : નીઘી હોસ્પીટલ બિલ્ડીંગ, સ્ટેડીયમ છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૯

તા. ૨૬-૫-૨૦૧૬

**ભાઇશ્રી**

નાણાંકીય વર્ષ ૧૫-૧૬ પુરૂ થયું છે. એટલે તેનું એસેસનેન્ટ વર્ષ ૨૦૧૬-૧૭ તારીખ : ૧-૪-૨૦૧૬ થી શરૂ થયું છે. જેના ઇન્કમટેક્ષ રીટર્ન ભરવા અંગેની કામગીરી હવે શરૂ થઇ છે. ઇન્મકટેક્ષ કાયદાની કેટલીક અગત્યની બાબતો ની માહીતી આપતો અમારો તારીખ : ૧૧-૪-૨૦૧૬ તથા ૨૨-૪-૨૦૧૬ નો સરકયુલર આપને મળ્યો હશે.

(૧) **<u>સને ૨૦૧૫-૧૬-A.Y. 2016-17 માટે ઇન્કમટેક્ષ રીટર્ન ભરવાની મુદત નીચે પ્રમાણે છે.</u>**

| અનુ. નંબર | કરદાતાનો પ્રકાર | રીટર્ન ભરવાની તારીખ |
|---|---|---|
| ૧ | ઓડીટ ના કરાવતા હોય તેવા ધંધા-વ્યવસાયની આવકવાળા વેપારીઓ (૮% નફો ગણી આવક ને પાત્ર) | ૩૧ મી જુલાઇ |
| ૨ | ધંધા વ્યવસાયની આવકવાળા ૧ કરોડ સુધીના ટર્નઓવર વાળા વેપારીઓ જેમની આવક ૮% કરતા ઓછી હોય અને કલમ 44AD હેઠળ ઓડીટ કરાવવું હોય તેવા વેપારીઓ માટે | ૩૦ મી સપ્ટેમ્બર |
| ૩ | પગારની કે વ્યાજની કે માત્ર કેપીટલ ગેઇન કે ભાડાની આવક હોય તેવા કેસ માટે | ૩૧ મી જુલાઇ |
| ૪ | ટેક્ષ ઓડીટવાળી માલીકી કે ભાગીદારી પેઢીઓ તથા તેના વર્કીંગ પાર્ટનર્સ અને જાહેર ધર્માદા ટ્રસ્ટ તથા કો-ઓપરેટીવ સોસાયટી જેમને ઓડીટ કરાવવાનું ફરજીયાત છે. તેવા કેસ માટે | ૩૦ મી સપ્ટેમ્બર |
| ૫ | કંપનીના કેસમાં | ૩૦ મી સપ્ટેમ્બર |
| ૬ | કલમ 92E હેઠળ ટ્રાન્સફર પ્રાઇસીંગ માટે ઓડીટ રીપોર્ટ રજુ કરવાનો હોય તેવા કેસ માટે | ૩૦ મી નવેમ્બર |

નોંધ :- ૧) જે વેપારીઓને ધંધામાં નેટ નુકશાન હોય તો ઉપરોકત જોગવાઇ જે લાગુ પડતી હોય તે સમયમાં રીટર્ન ભરવુ જોઇએ નહીંતર <u>આવુ નુકશાન પછીના વર્ષમાં આગળ કેરીફોરવર્ડ થશે નહિં.</u>

૨) Taxable આવક હોય અને નાણાકીય વર્ષ પુરૂ થાય ત્યાં સુધીમાં રીટર્ન ભરવામાં ના આવે તો દંડ થાય છે.

(૨) **<u>ઇન્કમટેક્ષ રીટર્ન ભરવા માટે નીચેની વિગતો વહેલાસર મોકલશો :-</u>**

(૧) ઓડીટ રીપોર્ટ (૨) નફા નુકશાન ખાતુ (૩) માલ ખાતા (૪) વ્યાજ ખાતુ-જો વ્યાજ ખર્ચ અને આવક ખાતા જુદા રાખેલા હોય તો તે બંને ખાતા (૫) તમારી TDS થઇ હોય તે ખાતા (૬) વ્યાજ કપાત કે અન્ય TDS ખાતા (૭) ઇન્કમટેક્ષ ખાતુ (૮) એડવાન્સ ટેક્ષ ખાતુ (૯) પગાર ખાતુ (૧૦) ઓફીસ ખર્ચ ખાતુ (૧૧) દુકાન કે વખાર ભાડા ખાતુ (૧૨) ડોનેશન ખાતુ જો હોય તો (૧૩) ઘસારા ખાતુ (૧૪) જે મિલ્કતના ઘસારો નાખેલ હોય તે મિલ્કત ના ખાતા (૧૫) માલીક કે ભાગીદારોના ખાતા (૧૬) પાકુ સરવૈયુ (૧૭) શેર વેચાણનો નફો હોય તો શેર ખરીદ તારીખ અને કીમત તથા વેચાણ તારીખ અને કીમત (૧૮) સ્થાવર મિલ્કતના વેંચાણનો નફો હોય તો વેચાણ દસ્તાવેજ તથા ખરીદ દસ્તાવેજ ની નકલ (૧૯) સ્થાવર મિલ્કતનું વેચાણ જો જંત્રી કિંમત પ્રમાણે ના હોયતો જંત્રી પ્રમાણેની વેચાણ રકમ (૨૦) ભાડાની આવક હોયતો :- (૧) મિલ્કતનો મ્યુ. નંબર (૨) ભાડાની રકમ (૩) ભાડુવાતનું નામ/સરનામું અને P.A.No. અને (૪) મ્યુનિસીપલ ટેક્ષ તમે ભરેલો હોય તો તેની રકમ (૨૧)રહેવાનું ૧ મકાન માન્ય છે તે સિવાયના મકાનો રહેવા માટે વપરાતા હોય કે ખાલી હોય તથા દુકાનો કે વખારો ખાલી હોય તો

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com



આવી મિલ્કત ભાડે આપી હોય તો કેટલુ ભાડુ આવે તેની વિગતનું સ્ટેટમેન્ટ આવા ખાલી મકાનનું બજાર ભાડું ગણતરી કરી આવકમાં બતાવવું પડે (૨૨) સ્થાવર મિલ્કતની ખરીદી કરી હોય તો દસ્તાવેજ ની નકલ અને દસ્તાવેજ ની જંત્રીની રકમ કેટલી ? (૨૩) મજરે લેવાની વ્યાજ કપાત/કમીશન કપાત/વિગેરેના Form 16A (૨૪) એડવાન્સ ટેક્ષના ચલણો (૨૫) દાન આપેલ હોય તો પાવતી (૨૬) અંગત અને HUF ના રીટર્ન માટે LIP/PPF/Medical વિમો વગેરેની પાવતીઓ.

(૩) **રીટર્નનું ફરજીયાત E-Filing :-**

(૧) ડીજીટલ સીગ્નેચર થી E-Filing કરવાના રીટર્ન

(૧) વ્યકિત કે HUF નો ધંધો હોય અને ઓડીટ કરાવવાનું હોય

(૨) ભાગીદારી પેઢી કે LLP નો ધંધો હોય અને ઓડીટ કરાવવાનું હોય

(૩) કંપનીઓ

(૨) ડીજીટલ સીગ્નેચર સિવાય E-Filing કરવાના રીટર્ન

(૧) વ્યકિત કે HUF કે ભાગીદારી પેઢીનો ધંધો હોય પણ ઓડીટ ને પાત્ર ના હોય

(૨) ઓડીટ કરાવતી ભાગીદારી પેઢીના ભાગીદારો

(૩) રૂા. પાંચ લાખથી વધુ આવક હોય તેવાં HUF અને અંગત વ્યકિત (૮૦ વર્ષ નીચે) માટે

(૪) વ્યકિત કે HUF Resident હોય પણ પરદેશમાં આવક હોય કે બેંક ખાતુ હોય કે મિલ્કત હોય

(૫) પરદેશમાં ભરેલા Tax ની Credit બાદ લેવાની હોય

(૬) નાની કે મોટી રકમનું રીફંડ લેવાનું થતુ હોય તેવી વ્યકિત કે HUF કે અન્ય તમામ કરદાતા

(૭) ધર્માદા ટ્રસ્ટ કે પ્રાઈવેટ ટ્રસ્ટના રીટર્ન

(૮) ડીજીટલ સીગ્નેચર સિવાય E-Filing થી ભરેલા રીટર્નનું ITR-V Verification માં સહી કરી ૧૨૦ દિવસની અંદર Banglore CPC ને Speed Post થી મોકલવું જરૂરી છે. નહીંતર E-Filing કરેલું હોવા છતાં રીટર્ન ભરાયેલું નથી તેમ ગણાશે.

(૪) **ડીજીટલ સીગ્નેચર**

(૧) E-Token વાળી ડીજીટલ સીગ્નેચર થી રીટર્ન ભરવાનું છે.

(૨) તારીખ ૩૦/૯/૨૦૧૬ સુધીમાં ડીજીટલ સીગ્નેચરની મુદ્દત પૂરી થતી હોય તો નવી સીગ્નેચર મેળવી લેવી જોઈએ.

(૩) પ્રથમ વખત ડીજીટલ સીગ્નેચર થી રીટર્ન ભરવાનું હોય તેમણે વહેલાસર અરજી કરી E-Token D.S. મેળવી લેવી જોઇએ.

(૪) રીટર્ન તૈયાર હોય પણ E-Token D.S. ના હોય તો રીટર્નનું E-Filing કરી શકાતું નથી પરીણામે દંડ થાય અને નુકશાનનું રીટર્ન હોય તો નુકશાન કેરી ફોરવર્ડ થાય નહિં.

(૫) જે વેપારી ભાઇઓને ડીજીટલ સીગ્નેચર રીન્યુ કરાવવાની હોય કે નવી મેળવવાની હોય તેમણે વહેલાસર અમારો સંપર્ક કરવો જેથી સમયસર મેળવી શકાય.

(૫) **ઇન્કમટેક્ષના દર તથા આવકમાંથી બાદ મળતી રકમ :-**

સને ૧૫-૧૬ એટલે કે A.Y. 16-17 માટેના ઇન્કમટેક્ષ ના દર તથા આવકમાંથી બાદ મળવાપાત્ર રકમોની વિગતવાર માહિતી અમારા તારીખ ૧૧-૪-૨૦૧૬ ના સરક્યુલરમાં આપેલી છે. તેમા કોઈ ફેરફાર નથી.

(૬) **વેલ્થ ટેક્ષ**

સને ૧૫-૧૬ એટલે કે A.Y. 16-17 માટે વેલ્થટેક્ષ ના રીટર્ન ભરવાના રહેતા નથી કારણ વેલ્થટેક્ષ કાયદો ૧-૪-૨૦૧૬ થી અમલમાં નથી.

(૭) **તારીખ : ૧-૪-૨૦૧૬ થી અમલમાં આવતા નવા સુધારા**

(૧) TDS માં તારીખ ૧-૬-૨૦૧૬ થી થયેલા સુધારા પ્રમાણેની વિગત અમારા તારીખ ૧૧-૪-૨૦૧૬ સરક્યુલર માં આપેલી છે.

(૨) તારીખ : ૧-૬-૨૦૧૬ થી TDS માટે નાણાકીય મર્યાદા અને TDS દરમાં નીચે પ્રમાણે ફેરફાર થયેલા છે.

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com



| અ.નં. | કલમ | ચૂકવણીનો પ્રકાર | નાણાકીય મર્યાદા | TDS નો દર |
|---|---|---|---|---|
| ૧ | U/S/194C | કોન્ટ્રાકટર કે સબકોન્ટ્રાકટર કે એડવર્ટાઈઝીંગ એજન્ટને વાર્ષિક ચુકવણી | એક સાથે રૂા. ૩૦૦૦૦/- અથવા રૂા. ૧૦૦૦૦૦/- | કોઇ ફેરફાર નથી. |
| ૨ | U/S/194A | સ્થાવર મિલ્કતના એકવીઝીશન ફરજીયાત સંપાદનના કેસમાં | રૂા. ૨૫૦૦૦૦/- | ૧૦% |
| ૩ | U/S/194D | ઈન્સ્યુરન્સ કમીશન | રૂા. ૧૫૦૦૦/- | ૫% |
| ૪ | U/S/194H | કમીશન દલાલી | રૂા. ૧૫૦૦૦/- | ૫% |

નોંધ :- (૧) PAN ન હોયતો ૨૦% લેખે દર લાગુ પડશે.
(૨) નોન રેસીડન્ટના કેસમાં નીયત દરમાં ફેરફાર કરેલ છે તે માટે જરૂર પ્રમાણે રૂબરૂ પૂછવું

(૩) TCS (ટેક્ષ કલેકશન એટસોર્સ) કલમ 206C

(૧) કોન્ટ્રાકટરના કેસમાં લોખંડના ભંગાર સીમેન્ટની ખાલી થેલીઓ વિગેરેનું વેચાણ ઉપર ૧% ના દરે વેરો ઉઘરાવવો પડે અથવા પોતાનો ભરવો પડે

(૨) બુલીયનનું વેચાણ-બે લાખ તથા જવેલરીનું વેચાણ પાંચ લાખ થી વધુ ચેકથી કે રોકડેથી કરવામાં આવે તો ૧% લેખે TCS લાગે.

(૩) કોઈપણ માલનું બે લાખ થી વધુ રકમનું રોકડેથી વેચાણ કરવામાં આવે તો ૧% લેખે TCS લાગે.

(૪) સર્વિસીસ રોકડેથી બે લાખ થી વધુ રકમની આપવામાં આવે તો ૧% લેખે TCS લાગે.

(૫) રૂા. દસ લાખ થી વધુ કિંમતના મોટરકારના વેચાણ ઉપર ૧% લેખે TCS લાગે આ જોગવાઈ જુની મોટરકારના વેચાણને પણ લાગુ પડે.

(૪) એડવાન્સ ટેક્ષ :-

(૧) તમામ પ્રકારના કરદાતાઓ માટે નીચે પ્રમાણે એડવાન્સ ટેક્ષ ભરવાની જવાબદારી રહે છે.

| અનું. નં. | હપ્તાની તારીખ | હપ્તાની રકમ |
|---|---|---|
| ૧ | ૧૫ મી જુન સુધી | કુલ ભરવાના એડવાન્સ ટેક્ષની રકમના ૧૫ટકા |
| ૨ | ૧૫ મી સપ્ટેમ્બર સુધી | કુલ ભરવાના એડવાન્સ ટેક્ષની રકમના ૩૦ ટકા એટલેકે અગાઉ ભરેલા ૧૫ ટકા+૩૦ટકા=૪૫ ટકા ટેક્ષ |
| ૩ | ૧૫ મી ડીસેમ્બર સુધી | કુલ ભરવાના એડવાન્સ ટેક્ષની રકમના ૩૦ ટકા એટલેકે અગાઉ ભરેલા ૪૫ ટકા+૩૦ટકા=૭૫ ટકા ટેક્ષ |
| ૪ | ૧૫ મી માર્ચ સુધી | કુલ ભરવાના એડવાન્સ ટેક્ષની રકમના ૨૫ ટકા એટલે કે બાકી રકમ ભરીને કુલ ૧૦૦ ટકા ટેક્ષ |

(૨) ભરવાપાત્ર ટેક્ષની રકમમાંથી થવા પાત્ર TDS ની રકમ બાદ કર્યા પછી જો રૂા. ૧૦ હજાર થી વધુ ટેક્ષ ભરવાનો થતો હોય તેવા કરદાતાએ એડવાન્સ ટેક્ષ ભરવો પડે.

(૩) કલમ 44AD હેઠળ ૮ટકા લેખે ઉચ્ચક આવક ઉપર ટેક્ષ ભરતા વેપારીઓના કેસમાં એડવાન્સ ટેક્ષ ભરવાની જોગવાઈ અગાઉ હતી નહીં પરંતુ હવે આવા કરદાતાઓના કેસમાં એડવાન્સ ટેક્ષ ભરવાની નવી જોગવાઈ દાખલ કરી છે. તે પ્રમાણે ૧૫ મી માર્ચ સુધીમાં ભરવાપાત્ર થતો ટેક્ષ રૂા. ૧૦૦૦૦/- થી વધુ હોય તો ૧ હપ્તે ૧૫ મી માર્ચ સુધીમાં ભરવો પડે.

(૫) નવા બજેટમાં સને ૧૬-૧૭ થી થયેલા સુધારા ની ઝલક

(૧) આવક વેરાના દર જૂના પ્રમાણે ચાલુ રાખેલ છે. સિવાય કે રૂા. ૧ કરોડ થી વધુ આવક હોયતો સરચાર્જ ના દરમાં વધારો કરેલ છે.

(૨) ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમ હેઠળના વ્યાજ તેમજ કેપીટલ ગેઈનને ટેક્ષ માંથી માફી આપેલ છે.

(૩) કલમ 80IBA હેઠળ એફોર્ડબલ હાઉસીંગ ને પ્રોત્સાહન આપવાના હેતુસર નિયત થતા હાઉસીંગ પ્રોજેક્ટ ને ઈન્કમટેક્ષ માંથી માફી આપેલ છે.

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com



(૪) કેટલાંક સંજોગોમાં નવા કર્મચારીઓને રોજગાર સંબંધી ચુકવાતી વેજીસ(મંજુરી) ની રકમના વધારા ના ૩૦% પ્રમાણેની રકમ ત્રણ વર્ષ સુધી બાદ આપવાની જોગવાઇ કરી છે.

(૫) વ્યકિત કે HUF કે AOP કરદાતાના કેસમાં માફી આવક સાથે કુલ આવક રૂા. ૨,૫૦,૦૦૦/- થી વધુ હોય તો પણ રીટર્ન ભરવાનું ફરજીયાત કરેલ છે.

(૬) સ્ક્રુટીની એસેસમેન્ટ પુરૂ કરવા માટેની મુદ્દત ૨૧ મહિનાની કરવામાં આવી છે. એટલે A.Y. 2014-15 ના એસેસમેન્ટ તા. ૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં પૂરા કરવા પડે.

(૭) કંપની કે ભાગીદારી પેઢી સિવાય ભાડાની આવક મેળવનાર કરદાતાઓ તેમની આવક Taxable ના હોય તો TDS થાય નહિં તે માટે Form 15G કે 15H આપી શકશે.

(૮) આવક છુપાવવા સંબંધી કલમ 271(I)(C) હેઠળ પેનલ્ટીની જોગવાઇ રદ કરી તેની જગ્યાએ કલમ 270A હેઠળ પેનલ્ટીની જોગવાઇ દાખલ કરી છે. તે હેઠળ આવક ઓછી બતાવવા માટે Tax ના ૫૦% પેનલ્ટી અને આવક ખોટી દર્શાવા માટે Tax ના ૨૦૦% પેનલ્ટીની જોગવાઇ કરી છે. અને કયા સંજોગોમાં આવક ઓછી બતાવેલી ગણાશે તથા કયા સંજોગોમાં આવક ખોટી દર્શાવેલ ગણાશે તેની જોગવાઇ કરેલ છે.

(૯) આવક વેરાના દરોડાના કેસમાં છુપાવેલી આવકના ૬૦% પેનલ્ટીની જોગવાઇ કરેલ છે.

(૧૦) રૂા. ૫,૦૦,૦૦૦/- સુધીની આવકવાળા રેસીડન્ટ વ્યકિત ને રૂા. ૫૦૦૦/- સુધીનુ રીબેટ ટેક્ષ માંથી મળશે.

(૧૧) કલમ 44AD અંદાજીત આવક યોજનામાં અગત્યના સુધારા નીચે પ્રમાણે કરેલા છે.
   (૧) આ યોજનાનો લાભ લેનાર ભાગીદારી પેઢી હોય તો ભાગીદારોને આપવામાં આવતા વ્યાજ તથા પગારની રકમ ઉચ્ચક આવકમાંથી બાદ મળશે નહિં.
   (૨) આ યોજનાનો લાભ બે કરોડ સુધીના ગ્રોસ વકરો કે રીસીપ્ટ હોય તેવા કરદાતાઓ લઇ શકશે.
   (૩) આ યોજનાનો લાભ લેનાર કરદાતાએ પછીના પાંચ વર્ષ સુધી આ યોજના હેઠળ ૮% પ્રમાણે આવક દર્શાવવાની રહેશે. જો આ પ્રમાણે ના કરે તો તે પછીના પાંચ વર્ષ સુધી આ યોજનાનો લાભ લઇ શકશે નહિં.
   (૪) આ યોજના હેઠળ ભરવાના થતા અંદાજીત Tax ની રકમ નાણાંકીય વર્ષના અંત પહેલા ૧૫ મી માર્ચ સુધીમાં ૧ હપ્તાથી એડવાન્સ ટેક્ષમાં ભરવાની રહેશે.

(૧૨) વ્યવસાયિકો (પ્રોફેશનલ્સ) ના કેસમાં ઉપરોકત જોગવાઇ નીચે પ્રમાણે છે.
   (૧) લીગલ, મેડીકલ, એન્જીનીયરીંગ, આર્ટિટેકચર, એકાઉન્ટન્સી, ટેક્ષ પ્રેકટીશનર, ટેકનીકલ, કનસલ્ટન્સી, ઇન્ટીરીયર ડેકોરેટર વિગેરે પ્રોફેશનલ આવક મેળવતા કરદાતાઓ આ યોજના હેઠળ લાભ લઇ શકશે.
   (૨) આ યોજનાનો લાભ ૫૦ લાખથી ઓછી ગ્રોસ રીસીપ્ટ ધરાવતા પ્રોફેશનલ કરદાતા મેળવી શકશે.
   (૩) ગ્રોસ રીસીપ્ટના ૫૦% પ્રમાણે ની રકમ આવા કરદાતાની કરપાત્ર આવક ગણાશે.
   (૪) આ યોજનાનો લાભ લેતા કરદાતાના કેસમાં ધંધા અંગેના બાદ મળતા ખર્ચાઓ જેવા કે વ્યાજ ઘસારો વિગેરે અલગથી બાદ મળશે નહિં.

(૧૩) આવક જાહેરાત યોજના ૨૦૧૬
   (૧) આ યોજનાનો અમલ ૧-૬-૨૦૧૬ થી શરૂ થશે અને આ યોજના ની જોગવાઇ અંગે વિગત રૂબરૂ મેળવવી.
   (૨) આ યોજના હેઠળ જે આવક જાહેર કરવામાં આવે તેના ઉપર ૪૫% લેખે (સરચાર્જ) ટેક્ષ ભરવાનો રહેશે.

ઇન્કમટેક્ષ અંગેની સને ૨૦૧૫-૧૬ અને સને ૨૦૧૬-૧૭ માટેની મુખ્ય-મુખ્ય બાબતોની ઉપરોકત છણાવટ અને માર્ગદર્શન આપને ઉપયોગી રહેશે તથા આ અંગે વિશેષ માહિતી ની જરૂરીયાત માટે રૂબરૂ મળવું

કુશળ હશો.

લી.

ધીરૂભાઇ પી. પોપટ - કનુભાઇ ડી. પોપટ

પીયુષભાઇ એન. પોપટ - નીખીલભાઇ કે. પોપટ